Prana Violet Healing

Prana Violet Healing



www.pranaviolethealing.com

# સમૃદ્ધિ માટેની પ્રાર્થના



# Prosperity Affirmation 2018

આપણાંમાના ઘણા લોકો રૂપિયા બાબત ખોટા વિચારો ધરાવતા હોય છે. જે આપણા સભાન અને અર્ધજાગૃત મનની અંદર જાણી જોઈને અથવા અજાણતા, આપણી સમૃદ્ધિ ઊર્જામાં અવરોધ ઊભો કરતા હોય છે. આ અવરોધ આપણા જીવનમાં સમૃદ્ધિના પ્રવાહને રોકે છે.

સમૃદ્ધિની પ્રાર્થના આ સર્વ અવરોધો ને દુર કરવા માટે લખવામા આવી છે. તેમજ આપણને આપવા અને વહેંચવાની પ્રેક્ટીસ કરવા માટે પ્રોત્સાહિત કરે છે, જે આપણા જીવનમાં સમૃદ્ધિ, સંપતિ અને રૂપિયાને આમંત્રણ આપે છે.

વાંચવાની રીત:

૧ શારીરિક મુદ્રા :
પગ થોડા પહોળા રાખી આરામથી સીધા ઊભા રહો.

૨ ખેચરી મુદ્રા :
તમારી જીભ વાળીને તમારા તાળવે અડાડો.

૩ રૂપિયા આવો મુદ્રા :
તમારા અંગુઠાના આગળનો ભાગ (ટેરવુ) અને વચલી આંગળીના ભાગ (ટેરવુ) સાથે અડાડીને રાખો.

૪ ઉપરની ૧ થી ૩ ક્રમની પ્રક્રિયા પૂર્ણ કર્યા પછી, શ્વાસ અંદર ખેંચતા ઘુંટણને સહેજ વાળો અને શ્વાસ બહાર કાઢતા કાઢતા ઉભા થાવ (સ્લાઈટ સ્કોટ કરો) આવી રરિતે ૧૦ વખત કરો.

૫ ક્રમાંક ૪ ની પ્રક્રિયા કરતી વખતે તમારા અજના ચક્ર સામે (બંને આંખની વચ્ચે) હિલીંગ વાંડ ને રાખી સમૃદ્ધિની પ્રાર્થના વાંચો અથવા સમૃદ્ધિની પ્રાર્થનામાં આપેલા સીમ્બોલને જોઈને સમૃદ્ધિની પ્રાર્થના વાંચો. સમૃદ્ધિની પ્રાર્થના વાંચતી વખતે ૪નંબરની પ્રક્રિયા કરતા રહો.
ખાસ સૂચના : આ ક્ષણથી રૂપિયા વિશે કાંઈ પણ ખરાબ બોલવું નહી.


ખેચારી મુદ્રા


નાણાં મુદ્રા

## સમૃદ્ધિ માટેની પ્રાર્થના

ધન શુભ છે. ( ૨ વખત )
ધન ખૂબ ખૂબ શુભ છે. ( ૨ વખત )
મને ધનની આવશ્યતા છે.
દરેક વ્યકિત ને ધનની આવશ્યકતા છે.
દરેક પરિવાર ને ધનની આવશ્યકતા છે.
દરેક દેશને ધનની આવશ્યકતા છે.
અને પૂરા સંસારને ધનની આવશ્યકતા છે.
ધન તમે સર્વસ્વ છો. ધન તમે સ્વાસ્થ્ય છો.
ધન તમે શિક્ષા છો. ધન તમે પ્રસન્નતા છો. ધન તમે આનંદ છો.
ધન તમે બધા જ માટે ખૂબ મહત્વપૂર્ણ છો.
ધન તમે મારા માટે ખૂબ જ મહત્વપૂર્ણ છો.
આપવાથી જ મળે છે. જેટલું હું આપું છું. એનાથી અધિક મને મળે છે.
જેટલું વધારે મને મળે છે. એટલું વધારે હું આપું છું.
એ ઈશ્વર નો નિયમ છે.
હું પૈસા આપું છું. મને ખુબ પૈસા મળે છે.
હું અન્ન આપું છું. મને ખુબ અન્ન મળે છે.
હું પ્રેમ આપું છું. મને ખુબ પ્રેમ મળે છે.
મને જે કાંઈ પણ મળે છે એ હું વહેચી રહ્યો છું અને આપી રહ્યો છું.
ઈશ્વર મને તેનું ફળ અધિક પ્રમાણમાં આપશે, જે કાંઈ પણ હું વહેંચી રહ્યો છું અને આપી રહ્યો છું.
એ ઈશ્વર નો નિયમ છે.
ધન તમે નદીની જેમ મારી તરફ પ્રવાહિત થાઓ
ધન તમે મારા પર વરસાદની જેમ વરસો.
ધન તમે મારા તરફ ઝરણાની જેમ વરસો.
મારી પાસે પુષ્કળ ધન છે.
હે ઈશ્વર તમે મને, મારા પરિવારને, મારી કંપનીને ખૂબ સમૃદ્ધિ, ખૂબ સંપત્તિ અને ખૂબ ધનના આર્શીવાદ આપો.
હે ઈશ્વર, તમે દરેક વ્યકિત ને, દરેક પરિવારને, દરેકને પુષ્કળ સમૃદ્ધિ ઉર્દ, પુષ્કળ સંપત્તિ અને પુષ્કળ ધનના આશીર્વાદ આપો.
ઈશ્વર દરેક પ્રાણીઓનું જીવન આનંદ, પ્રસેંન્નતા, ધન – દોલત અને સ્વાસ્થ્યથી પરિપૂર્ણ રહે.
હે ઈશ્વર આપના આશીર્વાદ બધાં ઉપર વરસતા રહે.
હે ઈશ્વર આપનો આભાર આભાર આભાર.